મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૬૩ ટકા
ગાંધીનગર તાપમાન

આઠમે અનુષ્ઠાન થકી આરાધના કરાઈ

ઠેર ઠેર હોમ-હવન અને નૈવેધ-પ્રસાદનું આયોજન : શેરી ગરબામાં પણ મહાઆરતીનું આકર્ષણ : કુળદેવીના દર્શનાર્થે અનેક પરિવારો વતન ભણી

ગાંધીનગર, તા.૨૮

આજે નવરાત્રિમાં મા જગદંબાની પૂજા-આરાધના માટે અત્યંત મહત્વનો દિવસ જે દુર્ગાષ્ટમી તરીકે ઓળખાય છે. આજે સમગ્ર શહેરમાં ઠેર ઠેર હોમ હવન, અનુષ્ઠાન અને માતાજીના નૈવેદ્ય યોજાયા હતા. આજના દિવસે અનેક નગરજનોએ પોતાના વતનમાં જઈને કુળદેવીના દર્શન કર્યા હતા. આ સાથે આજે શહેરના શેરી ગરબા સહિત મોટા ભાગના નવરાત્રિ મહોત્સવમાં મહાઆરતીનું આયોજન હાથ ધરાયું હતું.

નવ દિવસ સુધી ચાલતા મા આદ્યશકિતની આરાધનાના પર્વ નવરાત્રિમાં આઠમે વિશેષ પૂજા આરતી યોજવામાં આવે છે. શહેરના મોટા ભાગના માતાજીના મંદિરોમાં હવન-અનુષ્ઠાનના આયોજન યોજવામાં આવ્યા હતા. આ સાથે શહેરના અનેક પરીવારો દ્વારા હોમ હવન યોજવામાં આવ્યા હતા તથા માતાજીને નૈવેધ-પ્રસાદ ચઢાવવામાં આવ્યા હતા. ગાંધીનગર એ કર્મચારી નગરી હોવાથી અહીં મોટા ભાગના રહીશો બહારગામથી આવીને વસેલા છે. આવા અનેક પરિવારોએ પોતાના વતન જઈને માતાજીના હવન અનુષ્ઠાન કર્યા હતા તથા નૈવેધ-પ્રસાદ ધરાવ્યા હતા અને પોતાના કુળદેવીના દર્શનનો લાભ લીધો હતો.

આ સાથે આઠમની રાત્રિએ શહેરના શેરી ગરબા સહિત પાર્ટી પ્લોટની નવરાત્રિમાં પણ મહાઆરતીના આયોજન હાથ ધરાયા હતા. શેરી ગરબામાં નવરાત્રિ ચોકની ચોતરફ દિવડા પ્રગટાવી અનોખા શણગારના આયોજન હાથ ધરાયા હતા તેમજ તમામ વસાહતીઓ દ્વારા સમૂહ આરતી કરવામાં આવી તેવી વ્યવસ્થા પણ અનેક શેરી ગરબાના આયોજકો દ્વારા કરવામાં આવી હતી.

શેરી ગરબામાં આરતી ડેકોરેશન અને વેશભૂષા યોજાયા

નવરાત્રિમાં આઠમના વિશેષ મહત્વને લઈને શરી ગરબાઓમાં વિવિધ આકર્ષણો ઉભા કરવાનો ટ્રેન્ડ જોવા મળે છે. સાતમ-આઠમ દરમિયાન શહેરની તથા ગુડા વિસ્તારની અનેક સોસાયટીઓમાં 'આરતી શણગાર સ્પર્ધા' અને 'વેશભૂષા સ્પર્ધા'ના આયોજન કરવામાં આવ્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનારા ભાવિકોને ઈનામોથી નવાજી પ્રોત્સાહિત કરવા સાથે શેરી ગરબાને ટકાવવા આકર્ષણ ઉભું કરવા પ્રયાસો કરવામાં આવતા જોવા મળ્યા હતા.

@ગાંધીનગર

નવમું નોરતું

● સે-૨૨ ગબ્બર ચોક ખાતે રાત્રે ૯.૦૦ કલાકે ઝનકાર ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● સે-૩-સી શિવ શકિતચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે જય માતાજી પાર્ટી દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૩-ન્યુ નવરાત્રી ચોક ખાતે રાત્રે ૮.૩૦ કલાકે રમઝટ મ્યુઝીકલ પાર્ટી દ્વારા ગરબાની રમઝટ બોલાવાશે.

● કિસાનનગર વસાહત નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે તેજસ્વી બારોટ દ્વારા ગરબાની રંગત જામશે.

● વારાહી પ્રગતિ મંડળ દ્વારા વારાહી ચોક સરઢવ ખાતે રાત્રે ૮ કલાકે શીતલ મ્યુઝીકલ ગૃપ દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૪ સાર્વજનિક નવરાત્રી મહોત્સવ ખાતે રાત્રે ૯ કલાકે ગણપત ઠાકોર ગૃપ દ્વારા ગરબાની રંગત જામશે.

● સે-૧૭ શોપીંગ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે ધમાભાઈ ગ્રુપ દ્વારા ગરબાની રમઝટ જામશે.

●●●●●

● પૂર્બાશા કલ્ચરલ એસોસીએશન દ્વારા દુર્ગોત્સવમાં સવારે ૯.૩૦ કલાકે નવમી પૂજા, ૧૦.૩૦ થી ૧૧.૩૦ પુષ્પાંજલિ, બપોરે ૧ થી ૨ કલાક દરમિયાન મહા પ્રસાદ અને સંધ્યા આરતી સાંજે ૭.૩૦ કલાકે સે-૧૬ ખાતે યોજાશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો સવારે ૧૦ થી ૧ કલાક દરમિયાન નર્મદાબેન પરમાર પ્લોટ નં. ૩૪/૨, સે-૩-બી ખાતે યોજાશે.

● જય બુટ ભવાની આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન વડવાળા અંબેમાતા મંદિર, ઓમકારેશ્વર મંદિર-સે-૪-એ ખાતે યોજાશે.

● થ્રી એસ.આર.બી. ગ્રુપ દ્વારા લયબધ્ધ શ્વસન ક્રિયાથી સંપૂર્ણ સ્વાસ્થ્ય કાર્યક્રમ સવારે ૮ થી ૯ કલાક દરમિયાન બ્લોક નં. ૮ યોગ હોલ પાછળ જુના સચિવાલય ખાતે યોજાશે.

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ દ્વારા કલર થેરાપી વિશે કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૮

નૈસર્ગિક સ્વાસ્થ્ય મંડળ ગાંધીનગર (એનએસએમ) ઈન્ટરનેશનલ નેચરોપથી ઓર્ગેનાઈઝેશન અને આદર્શ અમદાવાદના સહયોગથી ગાંધી જયંતી તા. ૨ ઓકટોબરના રોજ શ્રી અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે બપોરે ૩.૩૦ થી ૫.૩૦ કલાક દરમિયાન સૂર્યચિકિત્સા (કલર થેરાપી) કુદરતી ઉપચાર પધ્ધતિ પર કાર્યક્રમ યોજાશે. સંસ્થાના તમામ સભ્યો તથા સર્વે નગરજનોને આ કાર્યક્રમનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે.

જલારામ સેવા સમાજના હોદ્દેદારોની વરણી

ગાંધીનગરના સે-૨૯ ખાતેના સુપ્રસિધ્ધ શ્રી જલારામ સેવા સમાજના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આ હોદ્દેદારોમાં પ્રમુખપદે જીતેન્દ્રકુમાર સેજાણી, ઉપપ્રમુખપદે અરવિંદભાઈ ઠકકર, મંત્રી પદે કિશોરભાઈ હિન્ડોચા, સહમંત્રી પદે શૈલેષભાઈ મજીઠીયા, કોષાધ્યક્ષ પદે રમેશભાઈ પુજારા તથા સહકોષાધ્યક્ષ પદે રમેશભાઈ ગટ્ટાની નિમણુંક કરવામાં આવી છે.

આ સાથે કારોબારી સમિતિના સભ્યો માટે ન્યાલચંદભાઈ ચંદન, હેમંતભાઈ પોપટ, હરિભાઈ ઠકકર, બીપીનભાઈ ઠકકર, ટેકચંદભાઈ ઠકકર, અશોકભાઈ પોપટ તથા નવિનચંદ્ર ચંદારાણાની વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત આમંત્રિત કારોબારી સભ્યો પદે સંજયભાઈ સંઘાણી, કીરીટભાઈ ઠકકર, ભાઈલાલ ઠકકર, વર્ધીલાલ ઠકકર, પંકજભાઈ સચદે, જયેશભાઈ તન્ના, ગીરીશભાઈ ઠકકર, પરાગભાઈ રૂધાણી વગેરની નિયુકિત કરવામાં આવી છે. આ તમામ નિયુકિત સંસ્થાની તા. ૨૩મી સપ્ટેમ્બર રવિવારના રોજ મળેલી બેઠકમાં કરવામાં આવી હતી.

રવિવારે ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજની બેઠક

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના ઉગમણા સત્તાવીસ ગોળ પરગણા રોહિત સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ દ્વારા સંસ્થાની મહિલા આજીવન સભ્યોની બેઠકનું તા. ૧લી ઓકટોબર રવિવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠક સેકટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે. જેમાં સંસ્થાની મહિલા પાંખના હોદ્દેદારોની વરણી કરવાનું નક્કી કરવામાં આવશે જેથી સંસ્થાના તમામ મહિલા આજીવન સભ્યોને અચૂક હાજર રહેવા તથા સાથે એક એક મહિલાને લઈને આવવા અનુરોધ કરવામાં આવ્યો છે.

આ સાથે બેઠકમાં 'ચમત્કારથી ચેતો' કાર્યક્રમ યોજાશે તેમજ આગામી સમયમાં ગોળના તમામ ગામોની મહિલાઓનું સંમેલન બોલાવવા વિચારણા હાથ ધરાશે જેથી તમામ હોદ્દેદારોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

ગરબા ગ્રાઉન્ડ બહાર વાહનચોરો સક્રીય

રાત્રે ડુપ્લીકેટ ચાવીથી બાઈક ચાલુ કરીને ભાગી રહેલા વાહનચોરને બાઈક માલીકે પડકાર્યો : બાઈક ફેંકીને ફેન્સીંગ કુદી જઈ વાહનચોર અંધારામાં રફુચક્કર

ગાંધીનગર, તા.૨૮

નવરાત્રી દરમિયાન શહેર વિસ્તારમાં વાહનચોરી વધી ગઈ છે. ખાસ કરીને ગરબા ગ્રાઉન્ડના પાર્કીંગમાંથી ટુ વ્હીલર ઉઠાવી જવાના કિસ્સાઓ વધુ ધ્યાને આવ્યા છે. ગઈ કાલે રાત્રે શહેરના એક પાર્ટી પ્લોટની બહાર વાહન ચાલકની સતર્કતાથી તેનું બાઈક બચી ગયું હતું. ડુપ્લીકેટ ચાવીથી બાઈક ચાલુ કરીને ભાગી રહેલા વાહનચોર પર ધ્યાન પડી જતા બાઈક માલિક યુવાને તેની પાછળ દોડીને તેને પડકારતા વાહનચોરે બાઈક રસ્તા પર ફેંકી દીધુ અને આંતરીક માર્ગથી ફેન્સીંગ કુદીને અંધારામાં રફુચક્કર થઈ ગયો હતો. જો કે બાઈક બચી જતા આ મામલે બાઈક માલિક યુવાને ચોરીના પ્રયાસની પોલિસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

મળતી માહિતી મુજબ નવરાત્રી દરમિયાન રાત્રે ખેલૈયાઓ અને ગરબા રસીકો પાર્ટીપ્લોટસ કે શેરી ગરબાના ગ્રાઉન્ડ પર ગરબા ગાવા કે માણવા પોતાનું વાહન પાર્કીંગમાં પાર્ક કરીને ગયા હોય ત્યારે તેમના વાહનને ટાર્ગેટ બનાવીને ડુપ્લીકેટ ચાવીથી વાહનનું લોક ખોલી વાહનચોરો વાહન ઉઠાવીને રફુચક્કર થઈ જાય છે. આવા કિસ્સા તાજેતરમાં ખુબ બન્યા છે ત્યારે ગઈ કાલે રાત્રે એક પાર્ટી પ્લોટની બહાર એક બાઈક ચોરી થતા બચી ગયું હતું. એક કપલ પોતાનું બાઈક મુકીને ગરબા ગ્રાઉન્ડ તરફ જવા નીકળ્યું ત્યાં જ એક વાહનચોરે તેમના બાઈકને ડુપ્લીકેટ ચાવીથી ચાલુ કર્યું અને અચાનક તે બાઈક માલિક યુવાનનું ધ્યાન તેના બાઈક પર પડતા વાહનચોરનો દોડીને પીછો કર્યો હતો. વાહનચોરને ખબર પડી ગઈ કે વાહનમાલિક જોઈ ગયો છે એટલે ચાલુ બાઈક પરથી કુદકો મારીને બાઈક ફેંકી દઈ અંધારામાં ભાગી ગયો હતો. જો કે બાઈક પરત મળી જતા પોલિસ ફરિયાદ કરી ન હતી. નોંધનીય છે કે વાહનચોરનું ડુપ્લીકેટ ચાવીનું ઝુંડ પણ બાઈકમાં લાગેલું હતું.

સંત નિરંકારી ફાઉન્ડેશન દ્વારા રકતદાન શિબિર

સંત નિરંકારી ચેરીટેબલ ફાઉન્ડેશન (દિલ્હી) ગાંધીનગર બ્રાન્ચ દ્વારા રકતદાન શિબિરનું આયોજન આગામી તા. ૧લી ઓકટોબરના રોજ સંત નિરંકારી સત્સંગ ભવન, સે-૩૦ ખાતે સવારે ૮ થી ૧૨.૩૦ કલાક દરમિયાન કરવામાં આવ્યું છે.

૧લી ઓકટોબરનો દિવસ નેશનલ વોલ્યુન્ટરી બ્લડ ડોનેશન ડે તરીકે ઉજવવામાં આવ્યો છે. વધુ વિગત માટે સંત નિરંકારી મંડળ, ગાંધીનગર શાખાના સંયોજક અને પ્રમુખ શ્રી ગુરુપ્રકાશ કે. ચુધનો મો.નં. ૯૯૭૮૪૦૬૫૬૮ અથવા શ્રીમતી લક્ષ્મી વાધવાણીનો ૯૮૯૮૦૧૨૬૯૨ પર સંપર્ક કરવા જણાવાયું છે.

મધ્યાહન ભોજનના કર્મચારીઓ દિલ્હીમાં આમરણાંત આંદોલન કરશે

ગાંધીનગર, તા.૨૮

મધ્યાહન ભોજન યોજના કર્મચારી મહામંડળ વર્ષોથી જુની માંગણીઓના ઉકેલ માટે મૌખિક, લેખિત અને આંદોલન દ્વારા રજુઆત કરી રહી છે. જેમાં મુખ્ય માંગણીઓ, પગારધોરણ/લઘુત્તમ વેતન આપીને કાયમી કરવા. હાઈકોર્ટમાં ચુકાદા સંદર્ભે પગાર ધોરણ આપી કાયમી કરવા, સ્વૈચ્છિક સંસ્થાઓને દાખલ કરવી નહિ, જે જિલ્લાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દાખલ કરેલ છે તે રદ કરવી.

આ આંદોલન છેલ્લા ૫૦૪ દિવસથી ચાલે છે. રેલીઓ/મહારેલીઓ દરેક જિલ્લામાં યોજેલ છે. જે ગાંધીનગરમાં રેલી યોજવાની હતી તેના બદલે કર્મચારીઓને જેલના હવાલે કરવામાં આવ્યા જે દુઃખદ ઘટના છે. પ્રમુખ ચંદનસિંહ કે. વાઘેલાને પોલીસે નજરકેદ કર્યા હતા. હજારો કર્મચારીઓએ ધરપકડ વ્હોરી હતી. તા.૫મી ઓકટોબરથી દિલ્હી ખાતે આમરણાંત અનશન કરીને આંદોલન કરવામાં આવશે.

આઈ લવ માય ગાંધીનગર

મિલુ મનીષકુમાર શાહ

ગાંધીનગર ગમે

શાંત, રમણીય વાતાવરણ, સુંદર માર્ગો અને મિલનસાર લોકોને કારણે ગાંધીનગર શહેર ગમે છે.

નગરજનો

નગરજનો શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજિક પ્રવૃત્તિઓ સાથે પણ જોડાયેલા અને સાલસ છે.

પ્રવૃત્તિ, સંસ્થા ગમે

કલ્ચરલ ફોરમ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ચિલ્ડ્રન યુનિવર્સિટી, જુસિકા, સિસિકા, જી ઈ ક્લબ, ગ્રો ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી પ્રવૃત્તિઓ ગમે છે.

નગરને બહેતર બનાવવા

માળખાકીય સુવિધાઓ તથા સ્વચ્છતા માટેની ટેવને સુધારવાની જરૂર છે, તો નગરને બહેતર બનાવી શકાશે.

નગર માટે હું કરી શકું

સેવાકાર્યો માટે મારી સઘળા પ્રકારની સહાય શહેરને પૂરી પાડવા માટે હું તત્પર છું.

સે-૨૯માં રજી ઓકટોબરે મફત નિદાન અને દવાઓનો કેમ્પ

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરના સેકટર-૨૯માં સ્વ.ડૉ. બળદેવસિંહ વાઘેલાની પુણ્યતિથિ નિમિત્તે મફત નિદાન તથા દવાના કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ તા. રજી ઓકટોબરે સવારે ૯ થી ૧ કલાક દરમિયાન સેકટર-૨૯માં સરકારી આયુર્વેદ દવાખાનાની સામે રાજ આયુર્વેદ દવાખાના ખાતે યોજાશે. આ કેમ્પમાં ડૉ. દેવેન્દ્ર રાવલ, ડૉ. રાકેશભાઈ ભટ્ટ, ડૉ. વિક્રમ પ્રજાપતિ અને ડૉ. આર.જે. ભાવસાર તેની સેવાઓ આપશે. કેમ્પમાં નિદાન તથા દવાઓનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ મોબાઈલ નં. ૯૪૨૬૫૭૯૮૫૧ પર નામ નોંધાવીને આવવા આયોજકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

પી.ડી.પી.યુ.ના પ્રોફેસર નીતા ખુરાનાને ગ્લોબલ ગ્રીન મેન્ટરનો એવોર્ડ

ગાંધીનગર, તા.૨૮

ન્યૂયોર્ક શહેરમાં સંયુકત રાષ્ટ્ર મહાસભા પર્યાવરણ સપ્તાહના સંયોજન સમયે ગ્રીન સ્કૂલ કોન્ફરન્સ અને સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગ્રીન સ્કૂલના આ કાર્યક્રમનું આયોજન વિરેન્દ્ર રાવત દ્વારા પ્રથમ વાર કોઈ ભારતીય દ્વારા થયું. પંડિત દિનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટીના લીબરલ સ્ટડીના પ્રોફેસર નીતા ખુરાનાને એમના કાર્ય માટે ગ્લોબલ ગ્રીન મેન્ટર એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. એમણે ઓપન કલાસરૂમમાં એમનું વકતવ્ય આપ્યું હતું.

વાતવાતમાં

● ગુજરાત રાજયના બાળ આયોગનો સ્થાપના દિન ટાઉનહોલ ખાતે ઉજવાયો હતો. જેમાં છત્તીસગઢના બાળઆયોગના ચેરમેન તથા રાષ્ટ્રીય બાળ આયોગના સદસ્ય ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણીમાં ભારતમાં સૌ પ્રથમવાર બાળ ગુનાઓને લગતી મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી હતી.

● રાજયમાં આગામી વિધાનસભાની ચુંટણીઓને અનુલક્ષીને પત્રકારો સમક્ષ ઈવીએમ તથા વીવીપેટના નિદર્શનનું આયોજન નવા સચિવાલય ખાતે યોજવામાં આવ્યું હતું. આ નિદર્શનમાં રાજયના સંયુકત ચુંટણી અધિકારી લલિત પાડલિયાએ પગે ઘૂંટણમાં દુઃખાવો હોવા છતાં પ્લાસ્ટર લગાડી પત્રકાર પરીષદમાં હાજર રહી નિદર્શન કરવા સાથે પત્રકારોના સવાલોના જવાબો આપ્યા હતા.

● ગાંધીનગરમાં નવરાત્રિ અંતિમ તબક્કામાં પહોંચી જતા દશેરાના પર્વની ઉજવણીના આયોજનો હાથ ધરાયા છે. દશેરાના પર્વને અનુલક્ષીને શહેરમાં ઠેર ઠેર ફાફડા જલેબીના સ્ટોલ્સ અત્યારથી ઉભા થઈ ગયેલા જોવા મળી રહ્યા છે.

ચિરવિદાય

● સ્વ. લખમીબેન હેમરાજભાઈ ભટ્ટી, ઉ.વ. ૮૪

નવરાત્રીની અધિષ્ઠાત્રી 'મા સિધ્ધીદાત્રી'ના આજે પૂજન

ભકિત અને શકિતના અખુટ ભંડાર ભરેલા નવરાત્રી પર્વનું આજે હોમ-હવન અને નૈવેધના પ્રસંગો સાથે ભાવભર્યું સમાપન થશે

ગાંધીનગર, તા.૨૮

સકળ બ્રહ્માંડની રચિતા મા આદ્યશકિતના અપાર પરચા નવરાત્રીના પર્વ દરમિયાન સાધકોને મળતા હોય છે. મા જગદંબા પરોક્ષ રીતે પણ પોતાની પડખે હોવાના અહેસાસથી જ આ પર્વમાં મા ભગવતીની આરાધના પુર્ણ શ્રધ્ધાથી સાધકો દ્વારા થઈ રહી છે. જેમાં આઠમે હોમહવન દરમિયાન મંત્રોચ્ચારના પાવન ધ્વનિ સાથે શ્રીફળ રૂપી હોમ કરાયા હતા ત્યારબાદ આજે નવરાત્રીના મંગલ પર્વના અંતિમ અને નવમા દિવસે 'મા સિધ્ધીદાત્રી'નું પૂજન કરવામાં આવશે. આજે માતાજીને નોમનું નૈવેધ ધરાવી સહકુટુંબ પ્રસાદ લઈ તંદુરસ્તીના આર્શીવાદ મેળવશે. આજે માતાજીના આ મંગલપર્વનું ધામધૂમપૂર્વક સમાપન કરી મા જગદંબાને ઉમળકાભેર ભાવ વિભોર બની શ્રધ્ધાપૂર્વક વિદાય આપવામાં આવશે.

આજે નવરાત્રી પર્વના અંતિમ દિવસે મા દુર્ગાના નવમા સ્વરૂપ 'મા સિધ્ધિદાત્રી'નું પૂજન કરાશે. દેવી દુર્ગાના આ સ્વરૂપને નવ

દુર્ગાઓમાંથી સૌથી શ્રેષ્ઠ અને મોક્ષ પ્રદાન કરવાવાળી દેવી તરીકે પૂજવામાં આવે છે. માના આ સ્વરૂપની પૂજા દેવ, યક્ષ, કિન્નર, દાનવ, ઋષિમુની, સાધક અને સંસારી નવરાત્રીના નવમા દિવસે કરે છે. આ રૂપના પૂજનથી યશ, બળ અને ધનની પ્રાપ્તિ થાય છે તેમજ ભકતને અષ્ઠસિધ્ધીઓ પ્રદાન કરે છે.

માર્કેન્ડયપૂરાણ અનુસાર અણિમા, મહિમા, ગરિમા, લઘિયા, પ્રાપ્તિ, પ્રકામ્ય, ઈશિત્વ અને વશિત્વ આ આઠ સિધ્ધિઓની દેવી એ 'સિધ્ધીદાત્રી' ગણાય છે. દેવીપુરાણ અનુસાર મહાદેવે પણ આ દેવીની કૃપાથી સિધ્ધિઓ પ્રાપ્ત કરી હતી અને માતાજીની અનુકંપાથી જ ભગવાન શિવનું અડધું શરીર દેવીનું થયું હતું. જેથી જ મહાદેવ અર્ધનારીશ્વર કહેવાયા. માતા સિધ્ધીદાત્રી ચાર ભુજાઓ વાળી છે અને સિંહ ઉપર સવાર છે અને કમળપુષ્પ ઉપર બિરાજમાન છે. માતાજીના હાથોમાં શંખ, ચક્ર, ગદા, કમળપુષ્પ છે જે કારણે સરસ્વતી દેવીના રૂપે પણ પૂજાય છે. જે સફેદ વસ્ત્રોમાં મહાજ્ઞાન અને મધુર સ્વરથી ભકતોને સંમોહિત કરે છે. મા સિધ્ધિદાત્રી ભગવાન વિષ્ણુની અર્ધાંગિની છે અને નવરાત્રીની અધિષ્ઠાત્રી છે.

મહાલક્ષ્મી, મહાસરસ્વતી અને મહાકાલીના મુખ્ય સ્વરૂપો સહિત અનેક અવતારો થકી મા ભગવતી એ જગતનું કલ્યાણ કર્યું છે. માતાજીના મહાનપર્વમાં પૂજન અર્ચનથી જગદંબાને રિઝવવાના ભકતોના પ્રયાસ થકી સુખ શાંતિ અને વૈભવ પ્રાપ્તના હકદાર બન્યા છે ત્યારે મા ભગવતીના આર્શીવાદ સૌ કોઈને ફળદાયી નિવડે તેવી અભ્યર્થના.